પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૪૮ | ૧ માર્ચ, ૨૦૨૧, સોમવાર; મહા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પંચાયત - પાલિકા માટે મહામતદાન

## નગરપાલિકાઓમાં ૫૫ ટકા, જિલ્લા પંચાયતમાં ૬૨.૩૪ ટકા જ્યારે તાલુકા પંચાયતમાં ૬૩.૨૩ ટકા મતદાન

ગાંધીનગર, તા. ૨૮ ગુજરાતમાં હાલ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીનું મતદાન સવારે ૭ વાગ્યાથી શરૂ થઈ ચુક્યું હતું. જે શાંતિપુર્વક સાંજે ૬ વાગ્યે પુર્ણ થયું હતું. જો કે સાંજે ૬ વાગ્યે જે લોકો મતદાન મથકમાં આવી ગયા હોય તેમને મતદાન કરવા દેવામાં આવશે. સરેરાશ ૬૪ ટકા મતદાન નોંધાયું હતું. જો કે ફાઈનલ આંકડાઓ હજી સુધી ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયા નથી. જે મોડી સાંજે જાહેર કરવામાં આવશે. પરંતુ હાલ સરેરાશ ૬૪ ટકાની આસપાસ મતદાન થયું હોવાનું ચૂંટણી પંચ જણાવી રહ્યા છે. અત્રે નોંધનીય છે કે, ૨ માર્ચે તમામ પાલિકાઓનું પરિણામ જાહેર થશે.

ડાંગ જિલ્લા પંચાયતમાં સૌથી વધારે સરેરાશ ૭૧ ટકા મતદાન નોંધાયું હતુ. ગુજરાતમાં તાલુકા-જિલ્લા-પાલિકામાં મતદાન પૂર્ણ થયું હતું. જેમાં સરેરાશ ગુજરાતમાં અત્યાર સુધી સરેરાશ ૬૨ ટકા મતદાન નોંધાયું છે. ૨૩૧ તાલુકા પંચાયતમાં સરેરાશ ૬૪ ટકા મતદાન નોંધાયું છે. ૩૧ જિલ્લા પંચાયતમાં સરેરાશ ૬૦ ટકા મતદાન નોંધાયું છે. ૮૧ નગરપાલિકામાં સરેરાશ ૫૮ ટકા મતદાન નોંધાયું છે. જો કે આ વખતે ઉલટો ટ્રેન્ડ જોવા મળ્યો હતો. શહેરી વિસ્તારો કરતા ગ્રામ્ય વિસ્તારોમાં મતદાનનું પ્રમાણ ઘણુ ઉંચુ રહ્યું હતું.

જિલ્લા પંચાયત બાબતે ડાંગ જિલ્લા પંચાયત સૌથી આગળ રહી હતી, અહીં સૌથી વધારે ૭૧% મતદાન નોંધાયું હતું. નગરપાલિકા બાબતે તાપી નગરપાલિકામાં સૌથી આગળ રહી હતી અને અહીં ૭૧% મતદાન નોંધાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨ માર્ચે તાલુકા-જિલ્લા-પાલિકામાં મતગણતરી થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા પંચાયત ૬૦, તાલુકા પંચાયત ૬૪, શરૂ થઈ ગયું છે. ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૧ તાલુકા પંચાયતો અને ૮૧ નગર પાલિકાની ચૂંટણીનું મતદાન શરૂ થયું છે. ૩૧ જિલ્લા પંચાયતની ૯૮૦ બેઠકો માટે મતદાન શરૂ થઈ ગયું છે. ૩૧ જિલ્લા પંચાયતની ૯૮૦ બેઠકોમાંથી ૨૫ બેઠક બિનહરીફ થઈ છે. ૩૧ જિલ્લા પંચાયતની ૯૮૦ બેઠકો પર ૨૬૫૫ ઉમેદવારો મેદાનમાં હતા.

જેમાં ભાજપના ૯૫૫ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જ્યારે કે, ૨૩૧ તાલુકા પંચાયતની ૪૭૭૪ બેઠક પર મતદાન શરૂ થઈ ગયું છે. ૨૩૧ તાલુકા પંચાયતની ૪૭૭૪ બેઠક પર ૧૧૭ બેઠક બિનહરીફ થઈ છે. ૨૩૧ તાલુકા પંચાયતની ૪૭૭૪ બેઠક પર ૧૨,૨૬૫ ઉમેદવારો મેદાનમાં છે, જેમાં ભાજપના ૪,૬૫૭ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. ૮૧ નગરપાલિકાની ચૂંટણીનું પણ મતદાન શરૂ થઈ ગયું છે. ૮૧ નગર પાલિકાની ૨૭૨૦ બેઠકો પર મતદાન શરૂ થઈ ગયું છે. ૮૧ નગરપાલિકાની ૨૭૨૦ બેઠકોમાંથી ૯૫ બેઠક બિનહરીફ થઈ છે. ૮૧ નગરપાલિકામાં ૭૨૪૬ ઉમેદવારો મેદાનમાં છે. ૨ માર્ચે ચૂંટણીનું પરિણામ આવશે. ઝી ૨૪ કલાક આજે તમને મતદાનનું મહાકવરેજ બતાવી રહ્યું છે અને ૨ માર્ચે પરિણામનું સૌથી ઝડપી અને સચોટ પરિણામ બતાવશે.










## મહારાષ્ટ્રના વન મંત્રી સંજય રાઠોડનું રાજીનામું

**પૂજાના મોત બાદ રાજનીતિમાં હંગામો શરૂ થયો, પૂજાનું નામ મહારાષ્ટ્રના વન મંત્રી રાઠોડ સાથે જોડવામાં આવ્યું**

મુંબઈ,તા.૨૮

મુંબઈ: મહારાષ્ટ્રના વન મંત્રી સંજય રાઠોડએ પોતાના પદ પરથી રાજીનામુ આપી દીધુ છે. સૂત્રો અનુસાર ટિકટોક સ્ટારની આત્મહત્યાના મામલાને લઈને વિવાદોમાં ઘેરાયેલા શિવસેના નેતા સંજય રાઠોડે રવિવારે સીએમ ઉદ્ધવ ઠાકરે સાથે મુલાકાત કરી અને પોતાનું રાજીનામુ સોપી દીધુ છે. સંજય રાઠોડે સીએમને પોતાના રાજીનામાનો સ્વીકાર કરવાની વિનંતી કરી છે. મહત્વનું છે કે ટિકટોક સ્ટાર પૂજા ચવ્હાણના આત્મહત્યાના મામલાને લઈને વિવાદોમાં ઘેરાયેલા રાઠોડ પર આજે શિવસેનાના નેતા સંજય રાઉતએ ટ્વીટ કર્યુ હતું. જેમાં તેમણે રાજધર્મની યાદ અપાવતા છત્રપતિ શિવાજી મહારાજની તસવીર શેર કરી હતી. આ તસવીર પર લખેલુ છે કે શિવાજી મહારાજના હાથમાં જે શાહી છડી છે તે કઈ વાતની યાદ અપાવે છે. આ મહારાષ્ટ્ર ધર્મની તરફ ઈશારો કરે છે, જેનો અર્થ છે રાજધર્મ. આ પહેલા વિપક્ષના સવાલો પર સંજય રાઉતે કહ્યુ હતુ કે, આ મામલો મહારાષ્ટ્ર સરકાર સંબંધિત છે અને સરકાર તેના પર કાર્યવાહી કરશે. રાઠોડ સીનિયર મંત્રી છે અને પાર્ટીનો મોટો ચહેરો પણ છે. સીએમ ઉદ્ધવ ઠાકરેને ઘટનાની તપાસ માટે કહ્યુ છે. પાર્ટીમાં તેને લઈને કોઈ શંકા નથી. જ્યારે આ મામલે સીએમ અને ડેપ્યુટી સીએમ બોલ્યા છે તો તમે કઈ રીતે કહી શકો કે શિવસેના આ ઘટના પર ચુપ છે. મહત્વનું છે કે પુણેની ૨૨ વર્ષીય ટિકટોક સ્ટાર પૂજા

## અંબાણીના ઘર પાસે વિસ્ફોટકોની જવાબદારી જૈશ-ઉલ-હિંદે સ્વીકારી

**અંબાણી પાસેથી પૈસાની માંગ કરાઈ, માંગણીઓ નહીં સ્વીકારે તો હવે તે તેમના પુત્રની ગાડી પર હુમલો કરશે**

મુંબઈ,તા.૨૮

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના ઘરની બહાર વિસ્ફોટ મળવાના કેસમાં રવિવારે મોટા સમાચાર સામે આવ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આતંકી સંગઠન જૈશ-ઉલ-હિન્દે અંબાણીના ઘરની બહાર વિસ્ફોટક રાખવાની જવાબદારી લીધી છે. એવું કહેવામાં આવ્યું છે કે, આ ઘટનાની જવાબદારી લેતા જૈશ-ઉલ-હિંદે કહ્યું કે, બિગ પિક્ચર આના અભી બાકી હે'.

તમને જણાવી દઈએ કે આ કેસમાં એનઆઈએ અને મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાંચ તપાસ કરી રહી છે. એક ટેલિગ્રામ મેસેજમાં જૈશ-ઉલ-ઉલ હિંદે દાવો કર્યો હતો કે એસયુવીમાં વિસ્ફોટકો મુકનારા આતંકીઓ સલામતી સાથે ઘરે પહોંચી ગયા છે. મેસેજમાં આગળ



લખ્યું છે કે આ માત્ર એક ટ્રેલર હતું અને આખી પિક્ચર આવવાની બાકી છે. આ મેસેજમાં મુકેશ અંબાણી પાસેથી પૈસાની પણ માંગ કરવામાં આવી છે.

એવું લખ્યું છે કે જો અંબાણી તેની માંગણીઓ નહીં સ્વીકારે તો હવે તે તેમના પુત્રની ગાડી પર હુમલો કરશે. ટાઈટલવાળા મેસેજમાં આતંકીઓએ લખ્યું છે કે તમે (અંબાણી) જાણો છે કે શું કરવાનું છે.

તમને જે પૈસા ચૂકવવાનું કહેવામાં આવ્યું છે તે ટ્રાન્સફર કરો અને તમારા 'ફેટ કિડ્સ સાથે ખુશીથી રહો. જણાવી દઈએ કે, જૈશ-ઉલ-હિંદ સંગઠને દિલ્હીમાં ઈઝરાઈલી દૂતાવાસ પર હુમલો કરવાની જવાબદારી પણ લીધી હતી. આ કેસમાં મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ અને એનઆઈએ સાથે મળીને તપાસ કરી રહ્યા છે. પોલીસે આ કેસમાં પહેલાથી જ આતંકી એંગલની આગાહી કરી હતી. જોકે, કોઈ આતંકી સંગઠન જવાબદારી ન લેતા પોલીસ સ્પષ્ટપણે તેની પુષ્ટિ કરી રહી નહોતી.

## દો મઈ દીદી ગઈ, ભાજપ આઈ : શિવરાજસિંહ

**ચૂંટણી પ્રચાર માટે બંગાળ પહોંચેલા એમપીના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે દક્ષિણેશ્વર કાલી મંદિરમાં દર્શન કર્યા**

કોલકત્તા, તા. ૨૮

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત થયા બાદ પાર્ટીઓએ ચૂંટણી પ્રચારમાં તેજી લાવી દીદી છે. આ કડીમાં ભાજપ તરફથી મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ પણ પશ્ચિમ બંગાળમાં પ્રચાર કરવા પહોંચ્યા છે. આ દરમિયાન તેમણે બંગાળમાં નારો આપ્યો, 'દો મઈ દીદી ગઈ, ભાજપા આઈ.'

ચૂંટણી પ્રચાર કરવા પહોંચેલા શિવરાજ સિંહે દક્ષિણેશ્વર કાલી મંદિરમાં દર્શન કર્યા. તેમણે કહ્યુ કે, પહેલા તો હું કાલી માતાને પ્રણામ કરુ છું. માંના દર્શન કર્યા બાદ મારૂ જીવન ધન્ય થઈ ગયું છે. કાલી મૈયાની કૃપા દેશ પર બની રહે. ત્યારબાદ તેમણે કહ્યું કે, જ્યાં સુધી ચૂંટણીનો સવાલ છે તો બંગાળમાં પરિવર્તનની લહેર ચાલી રહી છે. ટીએમસીની હિંસા, ભ્રષ્ટાચાર, અત્યાચાર, અન્યાય અને વિશેષ કરીને કેન્દ્રની યોજનાઓનો લાભ ન આપવાથી અહીંની જનતા પરેશાન છે.

તેમણે કહ્યુ કે, અમે પૂછી રહ્યા છીએ કે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના ૬૦૦૦ રૂપિયા કિસાનને મળી જાત તો દીદીનું શું બગડી જવાનું હતું. મમતા જીએ આયુષ્માન ભારતનો લાભ આપ્યો નથી. તેમણે કહ્યું કે, ગરીબ ભાઈઓ અને બહેનો માટે જે રાશન આવે છે તે રાશન પણ ટીએમસીના લોકો ખાય જાય છે. તિરપાલ આવે છે તો તિરપાલ પણ ખાય જાય છે. તેમણે કહ્યું કે, બંગાળમાં સરસ્વતી પૂજાનો વિરોધ, રામ જન્મભૂમિને લઈને કર્ફ્યૂ અને ફાયરિંગ હવે થશે નહીં.

## ૧૮ કલાકમાં ૨૫.૫ કિમી લાંબા હાઈવેનું નિર્માણ થયું

નવી દિલ્હી,તા.૨૮

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ એક એવો રેકોર્ડ બનાવ્યો છે કે તેનું નામ લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં નોંધાવા જઈ રહ્યું



છે. એનએચએઆઈએ શુક્રવારે ૧૮ કલાકના ઓછા સમયમાં જ વિજયપુરા-સોલાપુર વચ્ચેના નેશનલ હાઈવે પર ૨૫.૫ કિલોમીટર લાંબો સિંગલ લેન રોડ બનાવીને ખાસ રેકોર્ડ નોંધાવી લીધો. કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરીએ આ માટે તમામ ૫૦૦ કર્મચારીઓ અને કોન્ટ્રાકટર્સ સહિત એનએચએઆઈની પ્રશંસા કરી છે. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા હાલમાં જ સોલાપુર-વિજયપુર હાઈવે પર ૪-લેનિંગના કાર્ય ચાલું છે. જે અંતર્ગત ૨૫.૫ કિલોમીટરના સિંગલ લેન રોડનું કામ ૧૮ કલાકમાં પૂરું કરવામાં આવ્યું. નીતિન ગડકરીએ કહ્યું, કન્સ્ટ્રક્શન કંપનીના ૫૦૦ કર્મચારીઓએ આ માટે મહેનત કરી છે. હું આ કર્મચારીઓ સહિત નેશનલ હાઈવે ઓથોરિટી પરિયોજના નિર્દેશક, અધિકારી, કન્સ્ટ્રક્શન કંપનીના પ્રતિનિધિ અને યોજનાના અધિકારીઓને અભિનંદન પાઠવું છું. નીતિન ગડકરીએ જણાવ્યું કે, હાલમાં સોલાપુર-વિજયુર હાઈવેનું ૧૧૦ કિમીનું કાર્ય ચાલું છે જે ઓક્ટોબર ૨૦૨૧ સુધીમાં પૂરું થઈ જશે. ગડકરીએ ઉત્તરાખંડ માટે શુક્રવારે દિલ્હી-દહેરાદૂનના નવા ઈકોનોમિક કોરિડોરની જાહેરાત કરી. ૨૧૦ કિલોમીટરની કુલ લંબાઈના ૬ લેનની આ પરિયોજનાનો કુલ ખર્ચ ૧૨,૩૦૦ કરોડ છે. જેનું કામ ૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. આ ખાસ ઉપલબ્ધિ પર કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ગોવિંદ કારજોલે કહ્યું, આ ખાસ ઉપલબ્ધિ હાલમાં કાર્યરત છે.

## ગુલામ નબી આઝાદે પીએમ મોદીના વખાણ કર્યા

શ્રીનગર,તા.૨૮

કોંગ્રેસ પાર્ટીથી નારાજ મનાતા ગ્રુપ-૨૩ના નેતાઓમાં સામેલ અને હાલમાં જ રાજ્યસભામાંથી નિવૃત્ત થયેલા ગુલામ નબી આઝાદે પીએમ નરેન્દ્ર મોદીના વખાણ કર્યા છે. તેમણે પીએમ મોદીને જમીન સાથે જોડાયેલા નેતા ગણાવતાં કહ્યું કે, લોકોએ તેમની પાસેથી શીખ લેવી જોઈએ કે સફળતાની ટોચે પહોંચીને પણ કેવી રીતે પોતાના મૂળને યાદ રખાય છે. તેમણે પીએમ મોદીના બાળપણમાં ચા વેચવાની વાતનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, તેમણે પોતાની હકીકત છુપાવી નથી.

રાજ્યસભામાં વિપક્ષના નેતા રહેલાં ગુલામ નબી આઝાદે કહ્યું કે, નરેન્દ્ર મોદી ગર્વથી પોતાને ચાવાળો કહે છે. સાથે જ તેમણે કહ્યું કે, મારા નરેન્દ્ર મોદી સાથે રાજકીય મતભેદ છે, પરંતુ વડાપ્રધાન એક જમીન સાથે જોડાયેલા વ્યક્તિ છે.

## મહાનાયક અમિતાભ બચ્ચનની સર્જરી કરાશે

મુંબઈ,તા.૨૮

બોલિવુડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચન સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે. અમિતાભ બચ્ચન પોતાની રૂટિન લાઈફની અપડેટ સોશિયલ મીડિયા દ્વારા ફેન્સને આપતા રહે છે. આ ઉપરાંત અમિતાભ બચ્ચન બ્લોગ દ્વારા પણ ફેન્સ સાથે પોતાના વિચારો શેર કરતા રહે છે. જો કે, બિગ બીની લેટેસ્ટ બ્લોગ અપડેટ ફેન્સ માટે ચિંતાનું કારણ બની છે. શનિવારે રાત્રે અમિતાભ બચ્ચને બ્લોગમાં લખ્યું છે કે, કોઈ મેડિકલ કંડિશન (બીમારી)ને કારણે તેમની સર્જરી થવા જઈ રહી છે. પરંતુ સર્જરી શેની છે અને થઈ ગઈ કે કેમ તે વિશે મહાનાયકે હજી કોઈ અપડેટ નથી આપી. શનિવારે અમિતાભ બચ્ચને બ્લોગમાં લખ્યું,



મેડિકલ કંડિશન સર્જરી લખી નહીં શકું. તેમણે આ અપડેટ આપ્યા પછી તેમના ફેન્સ અને શુભચિંતકોએ તેઓ ઝડપથી સાજા થાય તેના માટે પ્રાર્થના શરૂ કરી દીધી છે. બ્લોગમાં કોમેન્ટ કરતાં એક ફેને લખ્યું, "ગેટ વેલ સુન સર." અન્ય એક ફેને લખ્યું, શું સર પ્લીઝ ધ્યાન રાખજો. ગેટ વેલ સુન સર, લવ યુ. તમારી ઝડપી રિકવરી માટે પ્રાર્થના કરું છું. અઢળક વહાલ. બ્લોગ પહેલા અમિતાભ બચ્ચને એક ટ્વિટ મૂક્યું હતું, જે કદાચ બગડતી તબિયતનો ઈશારો હતો. તેમણે લખ્યું હતું, કંઈક જરૂર કરતાં વધારે વધી ગયું છે, કંઈ કાપતાં સુધરવાનું છે, જીવન કાળની કાલ છે છે આ, કાલે જ ખબર પડશે કે તેઓ કેવી રીતે ચાલશે. ઉલ્લેખનીય છે કે, અમિતાભ બચ્ચન ફિલ્મ કુલીના શૂટિંગ વખતે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. તેમનો જીવ પણ જોખમમાં મૂકાયો હતો. એ વખતે તેમનો જીવ બચી ગયો પણ ત્યારથી તબિયત નરમ-ગરમ રહ્યા કરે છે.

Vશાલ
SUPER MARKETની આજ
મેગી
૫૬૦ ગ્રામ
રૂ. ૭૫/- MRP. ૯૫/-
સેક્ટર-૬/કુડાસણ

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

સાંઈ કાલીકા જ્યોતિષ
હજારો - લાખો લોકોના દુખ દુર કરનાર, મારું કરેલું લાઈફ ટાઈમ અતૂટ રહેશે
મહામોહીની વશીકરણ
પ્રેમી-પંખીડા મિલન | પતિ-પત્ની ઝઘડા | તુટેલા સંબંધ જોડો
One Side Love | Happy Love Life | Life Disputes
રીલેશનમા લાગણી ઓછી થઈ ગઈ છે? લગ્ન-સગાઈ પછી બનતું નથી?
પતિ-પત્ની અંગત સમસ્યા, તમારો પતિ-સંતાન-પત્ની કોઈના વશમાં છે?
ગુપ્તધન
વાસ્તુ નિર્માણ સોસા., પ્લોટ ૫૮૩, સેક્ટર-૨૨, ગાંધીનગર
9909555191